ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૦.૪ ડીગ્રી
લઘુતમ : ૧૬.૬ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૫૫ ટકા

# આવતીકાલે શહેરમાં વિશ્વ મનોદિવ્યાંગ દિન ઉજવાશે

## 'સાધના' દ્વારા આ પ્રસંગે મનોદિવ્યાંગ વ્યકિતઓ તથા તેમના વાલીઓના સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા.૬

દર વર્ષે ૮મી ડિસેમ્બરને વિશ્વ મનોદિવ્યાંગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ગાંધીનગરમાં સાધના પેન્ટસ એસોસિએશન ઓફ મેન્ટલી ચેલેન્જડ પર્સન્સ દ્વારા તા. ૮મી ડિસેમ્બર શનિવારે 'મનોદિવ્યાંગ વ્યકિતઓ તથા તેમના વાલીઓના સ્નેહમિલન' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ સે-૧૨માં ઉમિયા માતાના મંદિર પાસેના બલરામ મંદિર પરિસર ખાતે સવારે ૧૦થી બપોરના ૨ કલાક દરમિયાન યોજાશે.

વિશ્વભરમાં અનેક વ્યકિતઓ મનોદિવ્યાંગતાથી પીડાય છે, મનોદિવ્યાંગતા એક વિશિષ્ટ પ્રકારની સ્થિતિ છે જેમાં તેમની વિશેષ રીત કાળજી લેવી અત્યંત આવશ્યક હોય છે, ખાસ કરીન જયારે બાળક મનોદિવ્યાંગ હોય. આ બાળકોને વિશિષ્ટ બાળકો તરીકે પણ ઓળખવામાં આવે છે અને તેવા દરેક બાળકની વિશેષતા અન્ય કરતા અલગ જ હોય છે. વિશ્વભરમાં તા. ૮મી ડિસેમ્બરને 'વિશ્વ મનોદિવ્યાંગ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે જેની પાછળનો હેતુ સમાજમાં મનોદિવ્યાંગતા પ્રત્યે જાગૃતિ આણી આ પ્રકારની વિશિષ્ટ વ્યકિતઓને જરુરી સાર-સંભાળ, કાળજી, શિક્ષણ તથા જરુર મુજબ સારવાર પણ યોગ્ય રીતે મળી રહે. ગાંધીનગરમાં અનેક સંસ્થાઓ મનોદિવ્યાંગ વ્યકિતઓ માટે કાર્યરત છે. શહેરમાં મનોદિવ્યાંગતા માટે કાર્યરત સંસ્થા 'સાધના' દ્વારા આ તમામ સંસ્થાઓને આવરી લેતો કાર્યક્રમ વિશ્વ મનોદિવ્યાંગ દિનો આયોજિત કરવામાં આવ્યો છે.

'સાધના' દ્વારા આયોજિત કાર્યક્રમમાં મનોદિવ્યાંગ વ્યકિતઓ તથા બાળકો માટે કાર્યરત સંસ્થાઓના સંચાલકો તેમજ તમામ વિશિષ્ટ વ્યકિતઓ અને બાળકોના વાલીઓને મફત કાનૂની સહાય સમિતિ દ્વારા કાનુની માર્ગદર્શન પુરું પાડવામાં આવશે. આ સાથે પેરેન્ટસ ગૃપનું કાઉન્સિલીંગ કરાશે અને સાથે સેલ્ફ એડવોકેસી માટે પણ આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે મનોદિવ્યાંગ વ્યકિતઓનો ઉમંગ ઉત્સવ ઉજવાશે અને સમાપને તમામ માટે પ્રિતી ભોજનનું પણ આયોજન સંસ્થા દ્વારા કરાયું છે. કાર્યક્રમના આયોજનમાં સરળતા માટે સાધના સંસ્થાને કાર્યક્રમમાં સામેલ થવા ઈચ્છનાર સંસ્થાના મનોદિવ્યાંગ વ્યકિત તથા તેમના વાલીઓની સંખ્યાની અગાઉથી જાણ કરવા આયોજકો દ્વારા જણાવાયું છે. જે માટે સંસ્થાના પ્રમુખ ગંગારામભાઈ પટેલને મો.નં. ૯૮૭૯૫૪૬૭૬૬ અથવા મંત્રી ભાનુભાઈ ચૌહાણનો મો.નં. ૯૮૯૮૫૯૪૩૫૦ પર સંપર્ક સાધવા જણાવાયું છે. કાર્યક્રમમાં કડી સર્વ નેતૃત્વ ટીમના સ્વયંસેવકો દ્વારા સેવા પુરી પાડવામાં આવશે.

### કાર્યક્રમમાં સામેલ થનાર સંસ્થાઓ

- સ્મૃતિ વિકાસ શાળા, પ્રાંતિયા
- મંથ હાજીપુર-કલોલ
- સ્પેશિયલ ઓલમ્પિક, ગાંધીનગર
- સર્વ શિક્ષા અભિયાન, ગાંધીનગર
- હેત ફાઉન્ડેશન, ગાંધીનગર
- માનવ આસ્થા, સરઢવ
- સમદ્રષ્ટિ, ક્ષમતા વિકાસ અને અનુસંધાન મંડળ (સક્ષમ) ગાંધીનગર જિલ્લા શાખા
- સદભાવ, સેકટર-૧૩
- નવજીવન સાર્વજનિક એજયુકેશન ટ્રસ્ટ ગાંધીનગર
- ગ્રો ફાઉન્ડેશન, ગાંધીનગર
- અંબા એંજલ સ્પેશિયલ સ્કૂલ ત્રિમંદિર, અડાલજ
- વિશેષ એજયુકશન સેન્ટર, કુડાસણ
- મનોવંદના, ગાંધીનગર
- મહુડી સેન્ટર, અંધજન મંડળ સંચાલિત
- આનંદ ચાઈલ્ડ કાઉન્સિલીંગ સેન્ટર, સરગાસણ

## જિલ્લા શિક્ષણાધિકારી એસ.એમ. બારડનો વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી એસ.એમ. બારડની બદલી સુરેન્દ્રનગર જિલ્લા શિક્ષણાધિકારી તરીકે તથા એસ.એમ. બારડનો વિદાય સમારંભ ગાંધીનગર જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ દ્વારા યોજવામાં આવ્યો હતો. સંકલન સમિતિના તમામ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

એસ.એમ. બારડ શિક્ષણના જીવ હોવાથી ગાંધીનગર જિલ્લામાં ૬૦ કરતા વધુ શાળાઓનું પરિણામ ઉજજવળ આવેલ હતું. યશસ્વી કામગીરી બદલ એસ.એમ. બારડનો સન્માનપત્ર તથા શાલ ઓઢાડી વિદાયમાન આપવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું ગાંધીનગર જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

## બાબા સાહેબ આંબેડકરના નિર્વાણ દિને કર્મચારીઓની સમાન કામ સમાન વેતનની માંગ

ગાંધીનગર, તા.૬

આજે ભારતના બંધારણના ઘડવૈયા ડો. બાબા સાહેબ આંબેડકરના નિર્વાણ દિનના રોજ કોન્ટ્રાકટ, આઉટસોર્સિંગ, માનદ વેતન, અને ફિકસ પગારના કર્મચારીઓ મોટીસંખ્યામાં વિધાનસભા સામે બાબા સાહેબની આંબેડકરની પ્રતિમા પાસે ભેગા થયા હતા. ગુજરાત સરકાર દ્વારા બંધારણનું પાલન ના કરાવાવતું હોય તમે પરત આવી સરકારને બંધારણનું ભાન કરાવો એ અંગે વ્યથા પત્ર બાબા સાહેબના ચરણોમાં અર્પિત કર્યો હતો. કોન્ટ્રાકટ અને આઉટસોર્સિંગના કર્મચારીઓ માટે લડત ચલાવી રહેલા ગુજરાત જનતા જાગૃતિ મંચના પ્રમુખ રજનીકાંત ભારતીયએ જણાવ્યું હતું કે આઝાદ ભારતના બંધારણનું પાલન કરાવવાની જવાબદારી અને બંધારણને આધિન રહી વહીવટ કરવાની જવાબદારી દરેક સરકારની હોય છે. પરંતુ ગુજરાતમાં ખુદ સરકાર જ બંધારણનો ભંગ કરતી હોવાથી વાડ જ ચિભડા ગળતી હોય એવો ઘાટ સર્જાયો છે. અત્યારે કાયમી રોજગારી મળતી નથી, અને જે ભરતીઓ થાય છે એમાં પેપરલીક કરીને વગદારોને નોકરી મળતી હોય છે.ત્યારે હજારો શિક્ષિત બેરોજગાર છે, અને પોતાનું ગુજરાન ચલાવવા જે નોકરી મળે એ સ્વીકારી લેતા હોય છે. ત્યારે સરકાર બેરોજગારોને અગીયાર માસ કરાર આધારીત, આઉટસોર્સિંગ, માનદ વેતન, સહિતના રૂપકડા નામ હેઠળ રોજગારી પુરી પાડે છે. જેમાં બંધારણની સમાન કામ સમાન વેતન ની જોગવાઈનો ભંગ કરી ખુબ જ નજીવુ વેતન અપાય છે. આ ગેર બંધારણીય નિતિઓ સામે અવાજ ઉઠાવનાર કર્મચારીઓને નોકરીમાંથી ગમે ત્યારે કાઢી મુકવાની ધમકીઓ આપે છે. બંધારણે અભિવ્યકિતની આઝાદી પણ છીનવી લેવામાં આવે છે. ખુબ જ ઓછી આવકમાં આ મોંઘવારીમાં જીવન નિર્વાહ મુશ્કેલ હોઈ કર્મચારીઓ દ્વારા સમાન કામ સમાન વેતન માટે અનેક રજુઆતો કરવા છતા સરકાર દ્વારા સતત થતા બંધારણના ઉલ્લંઘનથી ત્રસ્ત યુવાનોએ આજે બાબા સાહેબ આંબેડકર સમક્ષ વ્યથા ઠાલવી એમને પાછા બોલાવી શોષણમાંથી મુક્તિ અપાવવા માટે કર્મચારીઓએ પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે ગુજરાત જન જાગૃતિ મંચના કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## પીડીપીયુમાં ૪૬૦ વિદ્યાર્થીઓએ ત્રણ દિવસ 'થીએટર' પરફોર્મન્સ કર્યું

### ત્રિદિવસીય નાટયોત્સવ જેવા માહાલોમાં ૧૬ નાટકોનું મંચન કરાયું : કવિ કાલીદાસની પ્રેમકથાથી માંડીને જયોર્જ બર્નાડ શૉ, અગાથા ક્રિસ્ટી વગેરેના નાટકોનું મંચન કરાયું!





ગાંધીનગર, તા.૬

ગાંધીનગરની પંડિત દિનદયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટી ખાતે સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝમાં પ્રથમ સેમેસ્ટરમાં અભ્યાસ કરતા આશરે ૪૬૦ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા સતત ત્રણ દિવસ માટે એકાંકી નાટકોના મંચનનો 'થીએટ પરફોર્મન્સ' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ત્રણ દિવસ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા ૧૬ નાટકોનુ મંચન કરવામાં આવ્યું હતું. જેમાં જયોર્જ બર્નાડ શૉથી માંડીને મોહન રાકેશના કવિ કાલીદાસની પ્રેમકથા આધારિત નાટકનો સમાવેશ થાય છે.

સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝ ખાતે વિવિધ અભ્યાસક્રમો જેવા કે બીએ, બીબીએ, બીકોમ, બીએસસી વગેરેમાં અભ્યાસ કરતા પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા સતત ત્રણ દિવસ સુધી પીડીપીયુમાં નાટય મહોત્સવ સમું વાતાવરણ ખડું કરી દેવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માટે જાણીતા અભિનેતા દિગ્દર્શક અભિનય બેંકર દ્વારા વિદ્યાર્થીઓને તાલીમ તથા માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. અભિનય બેંકર પીડીપીયુમાં થિએટર વિષયના મેન્ટર છે અને તેમની સાથે સહાયકો ગોપાલ પરમાર, મેઘા વ્યાસ દ્વારા પણ વિદ્યાર્થીઓને ટેકનિકલ મદદ પુરી પાડવામાં આવી હતી. ત્રણ દિવસના થીએટર પરફોર્મન્સ અંતર્ગત વિદ્યાર્થીઓએ જયોર્જ બર્નાડ શૉનું કલાસિક નાટક 'આર્મ્સ એન્ડ ધ મેન', મોહન રાકેશનું કવિ કાલીદાસની પ્રેમકથા આધારિત 'અષાઢ કા એક દિન', મહેશ દત્તા લિખિત '૩૦ ડેઝ ઈન સપ્ટેમ્બર', સ્ટેનલી હોફટનનું કોમેડી ડ્રામા 'ધ ડીયર ડીપાર્ટેડ' અગાથી ક્રિસ્ટીનું 'ધ ગેમ ઓફડીડકશન', શંકર શેખ યુથેનેશિયાની થીમ આધારિત 'ફંદી' વગેરે ભજવાયા હતા. આ સાથે અદાલત એ મઝહબ, મુકમ્મલ, ફેમીલી બીઝનેસ, ઈનસાઈડ આઉટ, પૈગામ, વેઈટીંગ રૂમ, ઝીરો બન ગયા હીરો, કઠપુતળી, રંગ કોને દેવા સહિતના નાટકોનો સમાવેશ થાય છે.

## બાબુભાઈ મેસરવાલાને ડૉ. આંબેડકર ફેલોશિપ એવોર્ડ એનાયત થશે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લા દલિત સેનાના પ્રમુખ બાબુભાઈ એચ. મેસરવાલાને ભારતીય દલિત સાહિત્ય અકાદમી નવી દિલ્હી ખાતે તા. ૮મી ડિસેમ્બરે ડૉ. બાબાસાહેબ આંબેડકર ફેલોશિપ એવોર્ડ ૨૦૧૮ એનાયત કરાશે. આ એવોર્ડ રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. સુમનાક્ષર દ્વારા એનાયત કરાશે.

બાબુભાઈ મેસરવાલાને છેલ્લા ૨૫ વર્ષતી દલિતોના પ્રશ્નોના વાચા આપવા બદલ તેમજ રચનાત્મક પ્રવૃત્તિ કરવા બદલ આ એવોર્ડ આપવામાં આવનાર છે તેમ દલિત સેનાના ઉપપ્રમુખ ગુલાબચંદ પટેલે જણાવ્યું છે.

## કડવા પાટીદાર સમાજ વિદ્યા પુરસ્કાર યોજાશે

કડવા પાટીદાર સમાજ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ગાંધીનગર દ્વારા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને દર વર્ષે વિદ્યા પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવે છે. જેમાં ધોરણ-૧૦ માં ૮૦ ટકા, ધોરણ-૧૨ ૭૫ ટકા અને ડિપ્લોમાં અને ગ્રેજયુએટમાં ૬૦ ટકા પોસ્ટ ગ્રેજયુએટમાં ૫૫ ટકા તેમજ ડોકટર, રમતગમત, વિશિષ્ટ, પ્રતિભાશાળી અને જીપીએસસી પાસ ઉમેદવારો સભ્ય નંબર સાથે માર્કશીટની ઝેરોક્ષ તા. ૧૫-૧૨-૧૮ સુધીમાં મોકલી આપવાની રહેશે. સમયસર આવેલી માર્કશીટની શિક્ષણ સમિતિ ધ્યાનમાં લેશે તેમ સંસ્થાના પ્રમુખ અને મહામંત્રીએ જણાવ્યું છે.



ગાંધીનગરની સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગમાં બીએસસીના ચોથા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા તેમના અધ્યાપકોના માર્ગદર્શનથી તાલુકાના ઉનાવા ગામે જાગૃતિ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓ દ્વારા ચિત્રો તથા ચાર્ટ સાથે વિવિધ રોગો અંગ ઉપયોગી માહિતી પ્રસ્તુત કરવામાં આવી હતી. જેને ગામની શાળાના બાળકો તથા ગ્રામજનોએ મુલાકાત લઈ નિહાળ્યુ હતું.

## ડૉ. બાબા સાહેબની પુણ્યતિથિ નિમિત્તે પુષ્પાંજલિ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લા દલિત સેના દ્વારા ભારતના બંધારણના ઘડવૈયા ડૉ. બાબા સાહેબની આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પવામાં આવી હતી. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા પ્રમુખ બાબુભાઈ મેસરવાલા, મહામંત્રી દિનકરભાઈ પરમાર, રમેશભાઈ વાણીયા, ઉપપ્રમુખ ગોવિંદભાઈ પરમાર તેમજ અન્ય હોદ્દેદારોએ પુષ્પાંજલિ અર્પણ કરી સમાજના ઉત્થાન અને ઉજજવળ ભવિષ્ય માટે કામના કરી હતી.

## ભેંસ ચોરીના ગુનામાં નાસતો-ફરતો આરોપી ટીંટોડાથી પકડાયો

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર એસલીબી પીઆઈ તરલ ભટ્ટની સુચનાથી તેમની એક ટીમ નાસતા ફરતા આરોપીઓ પકડવા સક્રીય છે ત્યારે આ ટીમે બાતમીને આધારે પેથાપુર પોલીસ મથકના ભેંસ ચોરીના ગુનામાં નાસતા ફરતાં આરોપીને ઝડપી પાડયો છે. એલસીબીના કોન્સ્ટેબલ અનુપસિંહ અને દિપકસિંહને બાતમી મળી હતી કે પેથાપુર પોલીસ સ્ટેશનમાં ભેંસ ચોરીના નોંધાયેલા ગુનામાં ઘણા સમયથી નાસતો ફરતો આરોપી ટીંટોડા ખાતે રહે છે. આ બાતમીના આધારે વોચ ગોઠવીને ઉનાવાના તરપોજ વાસમા રહેતા આરોપી દશરથ ઉર્ફે ગેંડો પોપટજી ઠાકોરને તેના બનેવી રમણજી નાથાજી ઠાકોરના ટીંટોડા ખાતેના ઘરેથી પકડી પાડયો છે. પોલીસે તેને ઝડપી લઈને તેના વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી છે.




## શાળાએ ન જતાં બાળકોની માહિતી જોગ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત અભ્યાસ છોડનાર બાળકોનો સર્વે હાથ ધરવામાં આવ્યો છે. આ સર્વે તા. ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૮ સુધી ચાલશે.

સર્વ શિક્ષા અભિયાન આગામી સમયમાં સમગ્ર શિક્ષા અભિયાન થવા જઈ રહ્યું છે. જેમાં ૪ થી ૧૮ વર્ષના બાળકો એટલે કે પ્રિપ્રાયમરી થી ધોરણ-૧૨ સુધીનો સમાવેશ કરવામાં આવે છે. જે અન્વયે ગાંધીનગર બી.આર.સી. ભવન ખાતે પ્રોજેકટ સ્ટાફ, મુખ્ય શિક્ષકોની તાલીમ તા. ૪ ડિસેમ્બર, ૨૦૧૮ ના રોજ યોજવામાં આવી હતી. સર્વેમાં શાળામાં કદી ન ગયેલા બાળકો અને શાળા છોડી દીધેલા બાળકોની ઓળખ કરવાની કામગીરી તા. ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૮ સુધી સર્વે દરમ્યાન કરવામાં આવશે. આપની નજીકમાં આવું કોઈ બાળક અંગેની માહિતી મળે તો તેની જાણ નજીકની સરકારી શાળા, બી.આર.સી ભવન અથવા તો ટોલ ફ્રી નંબર – ૧૮૦૦૨૩૩૧૦૩૬ પર જાણ કરવા બી.આર.સી. ભવન, ગાંધીનગર દ્વારા અપીલ કરવામાં આવી છે.

## ખોરાક અંગેની જનજાગૃતિ માટે આરંભાયેલ સાયકલ યાત્રા ગાંધીનગરના આંગણે







ગાંધીનગર, તા.૬

કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા સમગ્ર ભારતમાં ખોરાક અંગેની જનજાગૃતિ માટે આયોજીત સ્વસ્થ ભારત યાત્રા-સાયકલ યાત્રા આજરોજ ગાંધીનગર જિલ્લામાં તપોવન સર્કલથી પ્રવેશી હતી. બપોરના ગાંધીનગર ખાતે આવેલી સ્વસ્થ ભારત યાત્રા – સાયકલ યાત્રાના સાયકલીસ્ટોનું ઉષ્માભર્યુ સ્વાગત જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જી.એમ.ઈ.આર.એસના ઓડિટોરિયમ હોલના સંકુલમાં એક કાર્યક્રમ યોજીને કરવામાં આવ્યું હતું. તા. ૦૭મી ડિસેમ્બર, ૨૦૧૮ના રોજ સવારના ૮.૦૦ કલાકે પ્રભાત ફેરી અને સવારના ૯.૩૦ કલાકે પબ્લિક મીટીંગનું જી.એમ.ઈ.આઈ.આર.એસના હોલ ખાતે યોજાશે. તા. ૮મી ડિસેમ્બરના રોજ સાયકલ યાત્રા મહેસાણ તરફ જવા સવારના ૮.૦૦ કલાકે પ્રસ્થાન કરશે.

આ સાયકલ યાત્રા અમદાવાદ જિલ્લામાંથી ગાંધીનગર જિલ્લામાં આવી હતી. તેમની સાથે અમદાવાદ જિલ્લાના ૨૦ જેટલા સાયકલીસ્ટ યુવક-યુવતીઓ પણ સાથે ગાંધીનગર આવ્યા હતા. રાજયના પાટનગરમાં પધારેલા સાયલીસ્ટોને મીઠો આવકાર અને સ્વાગત કરવા માટે આજે બપોરના ૩.૦૦ કલાકે એક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગા, ખોરાક અને ઔષધ નિયમનના કમિશનર શ્રી ડૉ. એચ.જી.કોશિયા, ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર શ્રી ડૉ. રતનકુવર ગઢવીચારણ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી હિતેષ કોયા, એફ.એસ.એસ.એ.આઈ.ના પ્રતિનિધિ શ્રી અખિલેશ શર્મા, ગાંધીનગર મહાનગરપાલિકાના કોર્પોરેટર શ્રી હર્ષાબા ધાંધલ અને પ્રવિણાબેન વોરા, ફૂડ એન્ડ સેફટીના નાયબ કમિશનર શ્રી દિપકાબેન ચૌહાણ, ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર શ્રી જે.બી. બારૈયા ઉપસ્થિત રહ્યા હતા.

આ સાયકલીસ્ટોને મહાનુભાવો દ્વારા ઉમળકાભેર આવકારવામાં આવ્યા હતા. તેમજ અમદાવાદ જિલ્લામાંથી આવેલા સાયકલીસ્ટોને પ્રમાણપત્રોનું વિતરણ મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એફ.એસ.એસ.એ.આઈ.ના શ્રી પિયુષભાઈએ મીઠુ, ખાંડ અને તેલ કેમ જીવનમાં વપરાશ ઘટાડવો અને તે ઘટાડવાથી શું ફાયદાઓ થાય છે, તેની દષ્ટાંત પૂર્વક વાત કરી હતી. આ અંગેની જાગૃતિ આપતું પ્રેઝેન્ટેશન પણ રજૂ કરવામાં આવ્યું હતું. એફ.એસ.એસ.એ.આઈ. માર્કવાળી ખાધ ચીજ વસ્તુ ખરીદવાના ફાયદાની પણ વાત કરી હતી.

આ પ્રસંગે ખોરાક અને ઔષધ કચેરી, ગાંધીનગરના મદદનીશ કમિશનર શ્રી એસ.જી. શાહ, શ્રી વિદ્યાબેન પટ્ટણી, ફૂડ એન્ડ સેફટી અધિકારી શ્રી સી.એસ. ગોહિલ, ગાંધીનગરના જાણીતા અગ્રણી વેપારી શ્રી કિર્તીભાઈ સુખડિયા, શ્રી પ્રકાશભાઈ સુખડિયા, શ્રી કૌશિકભાઈ સુખડિયા સહિત નગરજનો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

### ચિરવિદાય

- સ્વ. મનુભાઈ ડાહ્યાભાઈ ફીડાલીયા, ઉ.વ. ૬૨
- સ્વ.સોની સરસ્વતીબેન રતિલાલ, ઉ.વ. ૯૬
- સ્વ. વાઘેલા અતુલ શામળજી, ઉ.વ. ૨૩
- સ્વ. ઠાકોર અમરતજી શકરાજી, ઉ.વ. ૫૩
- સ્વ. શાહ જયંતિલાલ કેશવલાલ, ઉ.વ. ૯૫